પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૬ | ૧૭ એપ્રિલ, ૨૦૨૨, રવિવાર; ચૈત્ર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# હનુમાનજી એક ભારત, શ્રેષ્ઠ ભારતના પ્રતિક છે : મોદી

**હનુમાન જયંતીના અવસરે, પ્રધાનમંત્રી દ્વારા વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ગુજરાતના મોરબીમાં હનુમાનજીની ૧૦૮ ફૂટની પ્રતિમાનું અનાવરણ : "રામ કથા એ સબકા સાથ-સબકા પ્રયાસનું શ્રેષ્ઠ ઉદાહરણ છે અને હનુમાનજી તેનો મુખ્ય ભાગ છે" : મોદી**





નવી દિલ્હી,તા.૧૬

હનુમાનજી પોતાની ભક્તિ અને સેવાભાવથી સૌને જોડે છે. દરેકને તેમનામાંથી પ્રેરણા મળે છે. તેઓ શક્તિ અને સંબલ છે જેઓએ સમસ્ત વનવાસી અવસર પર હનુમાનજીની ૧૦૮ ફૂટની પ્રતિમાનું અનાવરણ કરવા દરમિયાન તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું. આ સમયે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલી જોડાયા હતા. ગુજરાતના મોરબી

**હનુમાનજીની આવી મૂર્તિઓ દેશના ચાર ખૂણમાં બનાવાઈ રહી છે, શિમલામાં આવી મૂર્તિ છે બીજી મૂર્તિ મોરબીમાં બની, અન્ય રામેશ્વરમ અને પશ્ચિમ બંગાળમાં બની રહી છે**

પ્રજાતિઓ અને વનબંધુઓને માન અને સન્માનનો અધિકાર અપાવ્યો. તેથી હનુમાનજી એક ભારત શ્રેષ્ઠ ભારતના પણ પ્રતિક છે, એમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે હનુમાન જયંતીનાં પાવન ખાતે આવેલાં ભરતનગર બેલા ગામને જોડતા માર્ગ પર ખોખરા હનુમાનજી ધામ ખાતે નિર્માણ પામેલી ૧૦૮ ફુટ ઉંચી હનુમાનજીની પ્રતિમાનું

● અનુસંધાન પાન-૭ પર

# સોનિયાએ કોંગ્રેસના ટોચના નેતાઓની બેઠક બોલાવી

**પ્રશાંત કિશોરની હાજરી : બેઠકમાં વર્તમાન રાજકીય સ્થિતિ અને આગામી વિધાનસભા ચૂંટણીઓ પર ચર્ચા કરવામાં આવી**



નવી દિલ્હી,તા.૧૬

દિલ્હીમાં કોંગ્રેસે આજે અચાનક જ એક હાઈ લેવલ બેઠક બોલાવતા રાજકીય મોરચે ગરમાવો જોવા મળી રહ્યો છે.

આ બેઠકમાં કોંગ્રેસના તમામ ટોચના નેતાઓ સામેલ છે.એવુ મનાય છે કે, સોનિયા ગાંધીએ આ બેઠક બોલાવી છે અને તેમાં ચૂંટણી સ્ટ્રેટેજિસ્ટ પ્રશાંત કિશોર પણ હાજર છે.આ પહેલા સોનિયા ગાંધીએ એક અખબારમાં લખેલા લેખમાં ભાજપ સરકાર પર નિશાન સાધીને કહ્યુ હુત કે, આજે આપણા દેશમાં નફરત, કટ્ટરતા અને અસહિષ્ણુતાનો માહોલ છે અને તેને જો અત્યારે રોકવામાં નહીં આવે તો તે કાબૂ બહાર જતો રહેશે.

કોંગ્રેસની બેઠકમાં અંબિકા સોની, દિગ્વિજયસિંહ, મલ્લિકાર્જુન ખડગે, અજય માકન જેવા નેતાઓ હાજર છે. બેઠકમાં વર્તમાન રાજકીય સ્થિતિ અને આગામી વિધાનસભા ચૂંટણીઓ પર ચર્ચા કરવામાં આવી રહી છે.

# ચીનના શાંઘાઈમાં કોરોના બેકાબૂ

**એક દિવસમાં કોરોનાના ૨૩૦૦૦થી વધારે કેસ : લગભગ ૨૫ મિલિયન વસ્તીને લગભગ ૩ અઠવાડિયા માટે અંદર રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે, સરકાર દ્વારા આંકડા છુપાવવામાં આવી રહ્યા છે**

નવી દિલ્હી,તા.૧૬

ફરી એકવાર ચીન કોરોનાને કારણે ભયંકર સ્થિતિનો સામનો કરી રહ્યું છે. અહીં વધુ ૩૪૦૦ લોકો કોરોના સંક્રમિત થયા હોવાની જાણકારી સામે આવી છે, જ્યારે લક્ષણ વિનાના કોરોનાના દર્દીઓની સંખ્યા ૨૦,૭૦૦ નોંધાઈ છે. ચીનના શાંઘાઈ શહેરમાં સૌથી વધારે કેસ સામે આવ્યા છે. અહી લાંબા સમયથી લોકડાઉન છે. શાંઘાઈમાં સારવારની રાહ જોઈ રહેલા એક વૃદ્ધ મહિલાના મૃત્યુની ખબર સામે આવતા લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો, જેને ધ્યાનમાં રાખીને હોસ્પિટલોને આદેશ આપવામાં આવ્યો હતો કે જે કોરોના દર્દી નથી તેમની સારવારમાં પણ વિલંબ કરવામાં ન આવે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય આયોગ અનુસાર ચીનના બિઝનસ હબ તરીકે ઓળખાતા શાંઘાઈમાં બુધવારના રોજ કોવિડ ૧૯ સંક્રમિત લોકોની સંખ્યા ૩૨૦૦ હતી જ્યારે લક્ષણો વિનાના કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૯,૮૭૨ નોંધાઈ હતી. શહેરમાં કોરોનાની તપાસ કરવા માટે અનેક તબક્કામાં પરિક્ષણ કરવામાં આવ્યા હતા. આ સાથે જ સંક્રમિતોની સારવાર માટે અસ્થાઈ ધોરણે હોસ્પિટલો બનાવવામાં આવી છે. પાછલા ચોવીસ કલાકમાં કોરોના સંક્રમિત

● અનુસંધાન પાન-૭ પર

# પંજાબની જનતાને ૧ જુલાઈથી મળશે ૩૦૦ યૂનિટ ફ્રી વીજળી

**રાજ્ય સરકારે કરી જાહેરાત : પંજાબ પર ૩ લાખ કરોડ રૂપિયાનું દેવું છે ઘરેલું ઉપયોગ માટે મફત વીજળી એટલે કે ૫,૦૦૦ કરોડનું વધુ દેવું થશે**

ચંદીગઢ,તા.૧૬

પંજાબની આમ આદમી પાર્ટી વાળી ભગવંત માન સરકારે રાજ્યની જનતા માટે ૩૦૦ યૂનિટ ફ્રી વીજળી આપવાનો વાયદો પૂર્ણ કરવાની જાહેરાત કરી છે. રાજ્ય સરકારનાં નિર્ણય મુજબ, ૧ જુલાઈ ૨૦૨૨થી રાજ્યની જનતાને ૩૦૦ યૂનિટ ફ્રી વીજળી મળશે. પંજાબમાં સરકાર એક મહિનાનો કાર્યકાળ પૂર્ણ થવા પ રઆપ સરકારે સમાચાર પત્રોમાં એડવર્ટાઈઝમેન્ટ આપી છે જેમાં કહ્યું છે કે ,મફત વીજળીનો લાભ ૧ જુલાઈથી શરૂ કરવામાં આવશે. જેની ઔપચારિક જાહેરાત મુખ્યમંત્રી ભગવંત માન આજે કરી શકે છે. જૂન ૨૦૨૧માં પંજાબનાં મતદાદાઓ માટે દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પહેલી ગેરન્ટી ૩૦૦ યૂનિટ મફત વિજળીની કરી તી. આ વાયદો નવી દિલ્હીમાં તેમની સરકાર દ્વારા લાગૂ કરવામાં આવેલી યોજના સમાન હતો. અગાઉ પંજાબના ગ્રાહકોને દેશમાં સૌથી મોંઘી વીજળી મળતી હતી. પંજાબ સરકાર આ લાભને રજૂ કરવા માટે દિલ્હી પેટર્નને અનુસરવાની યોજના ધરાવે છે, જેના હેઠળ દર મહિને ૩૦૦ યુનિટ સુધીનો વપરાશ મફત હશે. ૩૦૦ યૂનિટથી વધુ વીજળીનો વપરાશ કરનારાઓએ ચૂકવણી કરવી પડશે. પાવર કોર્પોરેશન લિમિટેડના અધિકારીઓએ સરકારને સલાહ આપી છે કે વીજળી મુક્ત કરવાના વચનને ઉનાળાની ઋતુમાં લાગુ કરવાને બદલે ચોમાસામાં લાગુ કરવામાં આવે. કોલસાની અછતને કારણે પંજાબમાં વીજળીનું સંકટ ગમે ત્યારે ઘેરી બની શકે છે. AAP સૂત્રોએ, જો કે, સંકેત આપ્યો કે પાર્ટી મફત વીજળીના તેના વચન પર પાછા જવા માટે તૈયાર નથી અને તે ૭૩.૩૯ લાખ ગ્રાહકોને પ્રદાન કરવા માંગે છે.

# કીવમાં ૯૦૦થી વધુ મૃતદેહો મળતા હાહાકાર

નવી દિલ્હી,તા.૧૬

રશિયન સેનાની વાપસી બાદ કીવનાં કેટલાંક વિસ્તારોમાંથી સાથે વાતમાં જણાવ્યું કે, કીવમાં ક્ષેત્રીય પોલી દળનાં પ્રમુખ એન્ડ્રીય નેબિતોવે કહ્યું કે, આ શવને રસ્તા જણાવ્યું કે, આંકડાની વાત કરીએ તો આ તમામ શવમાં ૯૫ ટકા શવ ગોળી વાગેલા હતાં. એન્ડ્રીયનું



૯૦૦થી વધુ નાગરિકોનાં શવ મેળવવાંમાં આવ્યાં છે. ક્ષેત્રીય પોલીસ પ્રમુખે શુક્રવારે પત્રકારો પર ખુલ્લા છોડી દેવામાં આવ્યાં હતાં. કે પછી તેમને અસ્થાયી રૂપથી દફનાવવામાં આવ્યાં હતાં. પોલીસે કહેવું છે કે, "અમને લાગે છે કે રશિયન કબજા દરમિયાન લોકોની શેરીઓમાં હત્યા કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે માર્યા ગયેલા નાગરિકોના મૃતદેહોની સંખ્યા ૯૦૦ને વટાવી ગઈ છે, જેને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવી છે. તેમણે કહ્યું કે કાટમાળ નીચે અને સામૂહિક કબરોમાં દરરોજ મૃતદેહો મળી રહ્યા છે. બુચામાં લોકોને સૌથી વધુ નુકસાન હતા અને સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, મોસ્કોની સૈન્ય દ્વારા માર્યા ગયેલા લોકોને હવે દફનાવવાની મંજૂરી આપતા નથી. ટેલિગ્રામ પર જાહેર કરાયેલા સંદેશા અનુસાર, "મારીયુપોલના રહેવાસીઓ તેમના મૃત સંબંધીઓ અથવા મિત્રોને ચિતાને સોંપતા

**મારિયુપોલમાં ૨૧ હજાર લોકોનાં મોત : સ્થાનિક નિવાસીઓ અનુસાર રશિયન સૈનિક રહેણાંક પરિસરમાં પહેલાં દફન કરવામાં આવેલાં શવને બહાર કાઢી રહ્યાં છે**

થયું છે, જ્યાં ૩૫૦ થી વધુ મૃતદેહો મળી આવ્યા છે. એન્ડ્રેએ કહ્યું કે રશિયન સૈન્ય એવા લોકોની શોધમાં છે જેઓ મજબૂત યુક્રેનિયન તરફી મંતવ્યો વ્યક્ત કરે છે. દરમિયાન, મેરીયુપોલ સિટી કાઉન્સિલે જણાવ્યું હતું કે રશિયન સૈનિકો અગાઉ રહેણાંક સંકુલમાં દફનાવવામાં આવેલા મૃતદેહોને બહાર કાઢી રહ્યા અટકાવવા માટે દરેક કમ્પાઉન્ડમાં એક ગાર્ડ તૈનાત કરવામાં આવ્યો છે. મૃતદેહોને કેમ બહાર કાઢવામાં આવી રહ્યા છે અને ક્યાં લઈ જવામાં આવશે તે જાણી શકાયું નથી. મેરીયુપોલના મેયરે એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ૨૧,૦૦૦ લોકો માર્યુપોલમાં મૃત્યુ પામ્યા હતા.

# બંગાળના આસનસોલ બેઠક પરથી ટીએમસીના શત્રુઘ્ન સિંહાનો વિજય

**એક લોકસભા-ચાર વિધાનસભા બેઠકની ચૂંટણીનાં પરિણામ : બાલીગંજ વિધાનસભા બેઠક પર ટીએમસીના બાબુલ સુપ્રિયોએ મોટી જીત મેળવી, બિહારના બોચહાં વિધાનસભા બેઠક પર રાજદના અમર પાસવાન વિજયી**

નવી દિલ્હી,તા.૧૬

દેશની એક લોકસભા અને ચાર વિધાનસભા બેઠક પર થયેલી પેટાચૂંટણીના રિઝલ્ટ આવી ગયા



છે. બંગાળની આસનસોલ લોકસભા બેઠક પર ટીએમસીના શત્રુઘ્ન સિંહા જ્યારે બાલીગંજ વિધાનસભા બેઠક પર ટીએમસીના જ બાબુલ સુપ્રિયોએ મોટી જીત મેળવી છે. બિહારના બોચહાં વિધાનસભા બેઠક પર રાજદના અમર પાસવાન વિજયી થયા છે.

મહારાષ્ટ્રની કોલ્હાપુર નોર્થ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર જયશ્રી જાધવે ભાજપના સત્યજીત કદમને લગભગ ૧૯,૦૦૦ મતોથી હરાવ્યા હતા. છત્તીસગઢ કે ખૈરાગઢ વિધાનસભા સીટ પર પણ કોંગ્રેસના ઉમેદવાર આગળ ચાલી રહ્યા છે. ભાજપ ખાલી હાથે રહી.

શત્રુઘ્ન સિન્હા આસનસોલ લોકસભા સીટ પર જીત્યા. તેમણે ભાજપના અગ્નિમિત્રા પોલને ૨ લાખ ૬૪ હજાર ૯૧૩ મતોથી હરાવ્યા. આ બેઠક ગયા વર્ષે બાબુલ સુપ્રિયોના રાજીનામા બાદ ખાલી થઈ હતી. સુપ્રિયો ભાજપ છોડીને ટીએમસીમાં જોડાયા.

બાલીગંજ વિધાનસભા બેઠક પરથી બાબુલ સુપ્રિયોએ બીજેપીની કેયા ઘોષ અને માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટીની સાયરા શાહને હરાવ્યા. આ બેઠક પર પૂર્વ ધારાસભ્ય અને રાજ્યના મંત્રી રહી ચુકેલા સુબ્રત મુખર્જીના નિધન બાદ ખાલી થઈ હતી.

મહારાષ્ટ્રની કોલ્હાપુર ઉત્તર વિધાનસભા સીટ કોંગ્રેસે જીતી લીધી છે. કોંગ્રેસના જયશ્રી જાધવે ભાજપના સત્યજીત કદમને લગભગ ૧૯ હજાર મતોથી હરાવ્યા હતા.

# સીબીએસઈના આગામી શૈક્ષણિક સત્રથી પરીક્ષા પ્રક્રિયામાં ફેરફાર કરવા નિર્ણય

**કોરોના મહામારી પહેલાંની જેમ એકવાર પરીક્ષા લેવાશે**

નવી દિલ્હી,તા.૧૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) એ આગામી શૈક્ષણિક સત્રમાં પરીક્ષાની પ્રક્રિયામાં ફેરફાર કરવાનું નક્કી કરી લીધું છે. કોરોના મહામારી પહેલાની જેમ બોર્ડની પરીક્ષા જે એક જ વાર લેવામાં આવતી હતી તેને પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શિક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, એસબીઈ (સિંગલ બોર્ડ પરીક્ષા) પ્રક્રિયા પુનઃસ્થાપિત કરવામાં આવી છે. જે પછી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાઓને બે ભાગમાં વહેંચવામાં આવે તેવી શક્યતા નથી. કોરોના મહામારીને કારણે સીબીએસઈ બોર્ડ દ્વારા તેને ટીબીઈ (ટર્મ આધારિત પરીક્ષા)માં બદલવામાં આવી હતી. ટર્મ-૧ બોર્ડ પરીક્ષા ગયા વર્ષે નવેમ્બર-ડિસેમ્બર જ્યારે ટર્મ-૨ની પરીક્ષા ૨૬ એપ્રિલથી શરૂ થવાની છે. ટર્મ-૨ની પરીક્ષાઓને વધુ વેઈટેજ આપવામાં આવશે.

# દેશમાં કોરોનાના નવા ૯૭૫ કેસ

પટણા,તા.૧૬

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૯૭૫ નવા કેસ નોંધાયા છે. આજે સવારે ૭ વાગ્યા સુધીના કામચલાઉ અહેવાલો મુજબ ભારતનું કોવિડ-૧૯ રસીકરણ કવરેજ ૧૮૬.૩૮ કરોડ (૧,૮૬,૩૮,૩૧,૭૨૩) ને વટાવી ગયું છે. આ ૨,૨૬,૯૨,૪૭૭ સત્રો દ્વારા હાંસલ કરવામાં આવ્યું છે.

૧૨-૧૪ વર્ષની વય જૂથ માટે કોવિડ-૧૯ રસીકરણ ૧૬ માર્ચ, ૨૦૨૨ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં, ૨.૪૦ કરોડ (૨,૪૦,૧૬,૩૯૧) થી વધુ કિશોરોને કોવિડ-૧૯ રસીના પ્રથમ ડોઝ સાથે આપવામાં આવ્યા છે.

# આયાત જકાતમાં વધુ ઘટાડો કરવાની સરકારીની તૈયારી : ખાદ્ય તેલ થશે સસ્તું!

મુંબઈ,તા.૧૬

ખાદ્ય તેલ આગામી દિવસોમાં સસ્તું થઈ શકે છે. સરકારી કાચા ખાદ્ય તેલ પર લાગતી આયાત ડ્યૂટીમાં ઘટાડો કરવાની તૈયારી કરી રહી છે. આ ઘટનાની જાણકારી ધરાવતા સૂત્રોનું કહેવું છે કે કાચા ખાદ્ય તેલ પર લાગતી બે સેસમાં ઘટાડો કરવામાં આવી શકે છે. આ ઉપરાંત સરકાર ખાદ્ય તેલની ઈમ્પોર્ટ ડ્યૂટી પર લાગૂ કપાતને પણ ૩૦મી સપ્ટેમ્બર સુધી ચાલુ રાખવાની યોજના બનાવી રહી છે. કાચા ખાદ્ય તેલ પર હાલ ૫.૫ ટકા ઈમ્પોર્ટ ડ્યૂટી લાગે છે. સરકારે અમુક મહિનાઓ પહેલા ડ્યૂટી ૮.૫ ટકાથી ઘટાડીને ૫.૫ ટકા કરી હતી. વર્તમાન ટેક્સ વ્યવસ્થામાં બેઝિક કસ્ટમ ડ્યૂટી સામેલ નથી, જે હાલ તમામ કાચા ખાદ્ય તેલની આયાત કરવા પર શૂન્ય છે. તેના બદલે બે સેસ લાગૂ કરવામાં આવી છે. જેમાં એગ્રીકલ્ચરલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સેસ અને સોશિયલ વેલફેર સેસ સામેલ છે. ગત ૧૩ ફેબ્રુઆરીના રોજ સરકારે એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સેસને ૭.૫ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરી હતી. જેનાથી ખાદ્ય તેલની ઈમ્પોર્ટ ડ્યૂટી ૮.૫ ટકાથી ઘટીને ૫.૫

● અનુસંધાન પાન-૭ પર

પંજાબી તડકા ફેમીલી રેસ્ટોરન્ટ
PUNJABI TADKA SPICY
25% ડિસ્કાઉન્ટ - રવિવારે
સ્થળ : પંજાબી તડકા, હોટલ સિદ્ધાર્થ ઈન, ક-રોડ, એચ.પી. પેટ્રોલ પંપની પાછળ, વાવોલ, ગાંધીનગર-૩૮૨૦૧૬
Mo. 91049 95022

St. Joseph's School
Khanusa
OFFERS
CRASH COURSES
FOR :
NEET & JEE Mains
(July, 2022)
• Experienced Teachers (National Level) • Structured Program
• Limited students – Unlimited access to Teachers (Eng. & Guj. Mediums) • Hostel Facility Available (Boys & Girls)
Cont : 8:30 am to 6:00 pm
8000054200, 9429317526
Vijapur-382870, Dist. Mehsana, Guj
www.sjskhanusa.org
info@sjskhanusa.org